મહે.સુરતના એડિશનલ સીવીલ જજ અને જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,

ક્રિમીનલ કેસ નંબરઃ- ૫૬૫૨૧/૨૦૨૧

આંક- ૫

ફરીયાદી - શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી - ભુષણ રમેશ કુવર

રહે. - પ્લોટ નંબર ૧૬૯ દિપાલીપાર્ક નવાગામ ડિંડોલી સુરત

ગુનો - મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૮૫ મુજબ

## -- **ચુ કા દો** --

૧. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ વગર પાસ પરમીટે દારુ પીધેલ હાલતમાં પોતાના કબ્જાનું વાહન ચલાવીને મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૮૫ મુજબનો ગુનો કરેલ અને આરોપી વિરુધ્ધ ડિંડોલી પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર બી-૧૧૨૧૦૦૫૬૨૧૦૬૬૨/૨૦૨૧ થી ગુનો નોંધવામાં આવેલ અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળતા આરોપી વિરુધ્ધ એમ.વી.એક્ટની કલમ-૧૮૫ મુજબનું ચાર્જશીટ નામદાર અદાલતમાં રજુ કરેલ છે.

૨. આરોપી આ કામે ગુના કબુલાત પુરશીશ આપેલ છે, જેમા તેઓએ જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુનો છે. તેઓ કુટુમ્બ કબીલાવાળા માણસ છે. તેઓ કોર્ટ આગળ દયાની માંગણી કરે છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાથી ગુનાની કબુલાત કરે છે કે કેમ તેની ખાત્રી કરવામાં આવેલ છે. જેથી ઉપરોક્ત સંજોગો જોતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### -- **હુકમ** --

આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - ૨૫૨ અન્વયે મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામા તકસીરવાન ઠરાવી તેઓને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા સદર ગુનામા રુપીયા ૨૫૦૦/- (અંકે રુપીયા બે હજાર પાંચસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન - ૭ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

આ કામે મુદામાલ વાહન અંગે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોઇ તો આ હુકમથી કાયમી કરવામાં આવે છે અને જો કોઇ હુકમ કરવામાં આવેલ ન હોય તો વાહનના માલીકીપણાની યોગ્ય ખરાઇ કરી તેના માલીકને પરત સોંપવો.

હુકમની જાણ સંબધીત પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજ રોજ તા. ૧૨ માહે માર્ચ, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સ્થળ- સુરત

તા.૧૨/૦૩/૨૦૨૨

(મોહંમદ સઇદ એમ.શેખ)

એડિશનલ સીવીલ જજ અને જ્યુ.મે.ફ.ક.સુરત

U.I.C.No.GJ01200